૨૨, ઓકટોબર ૨૦૨૨

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત...**
**રાજકોટ ખાતે સરકારી ઈજનેરી કોલેજમાં રોબોટીકસ એન્ડ ઓટોમેશન માટે ૬૦ બેઠકો ફાળવવામાં આવી...**

સરકારશ્રી દ્વારા ટેકનીકલ શિક્ષણને ખુબ જ પ્રાધાન્ય આપવામાં આવી રહયું છે. દેશ અને રાજયમાં આવનારા સમયમાં ટેકનિકલ શિક્ષણનો ઉદ્દેશને આગળ ધપાવવા ઉચ્ચતમ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહયા છે. તેમજ ગુજરાત રાજય પણ શિક્ષણક્ષેત્રે સમગ્ર દેશમાં આગવું યોગદાન આપી રહયું છે. જે ખુબ જ સરાહનીય છે. રાજયના માનનીય શિક્ષણમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૮–૧૦–૨૦૨૧ ના રોજ સચિવાલય ખાતે સરકારી ઈજનેરી કોલેજો તેમજ સરકારી પોલીટેકનીકોમાં ચાલતા અભ્યાસક્રમોમાં સમયાનુસાર તથા વિદ્યાર્થીઓના એડમીશનના આંકડા ધ્યાને લેતા જરૂર જણાય ત્યાં ફેરફારો / રીસ્ટ્રકચરીંગ કરવા અથવા ઉદ્યોગોની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને નવા અભ્યાસક્રમો શરૂ કરવા સમિતિની રચના કરી બેઠક યોજવામાં આવેલ. જે અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમસ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીજી તથા નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ કચેરીને રજુઆત કરવામાં આવેલ કે સમગ્ર રાજયમાં રાજકોટ એક માત્ર ઈન્ડસ્ટ્રીયલ હબ ગણાઈ રહયું છે. રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાં હજારોની સંખ્યામાં ઉદ્યોગો સ્થાપાયેલ છે અને નવા ઉદ્યોગો પણ શરૂ થઈ રહયા છે. જેમાં મોટાભાગના ઉદ્યોગો પ્રોડકશન આધારીત છે. રાજકોટમાં સીએનસી મેન્યુફેકચરીંગ, વીએમસી મેન્યુફેકચરીંગ, અને ઓટોમેશનને લગતા ઉદ્યોગો જેવા કે ઓટોપાર્ટસ, ફોર્જીંગ, ગીયર, બેરીંગ, રોલિંગ, પમ્પ્સ, પાઈપ, એન્જીન જેવા અસંખ્ય ઉદ્યોગો કાર્યરત છે. જેમાં ઘણા પ્રોડકશન અને મેન્યુફેકચરીંગ ઈજનેરની જરૂરીયાત પડતી હોય છે.

આથી જો સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટમાં પ્રોડકશન અથવા રોબોટીકસ એન્ડ ઓટોમેશન ઈજનેરી શાખા ચાલુ થાય તો ખુબ જ સરળતાથી જરૂરીયાત મુજબના ઈજનેરો મળી રહે. હાલનો યુગ સ્કીલ બેઈઝ ઈજનેરોનો છે અને રાજકોટમાં આ ક્ષેત્રે પુષ્કળ રોજગારીની તકો રહેલી છે. તેથી રાજકોટ ખાતે સરકારી ઈજનેરી કોલેજ પ્રોડકશન અથવા રોબોટીકસ એન્ડ ઓટોમેશન ઈજનેરી વિભાગ ચાલુ કરવા અનુરોધ કરાયેલ. જેથી ભવિષ્યમાં હરણફાળ ભરી રહેલા રાજકોટના ઉદ્યોગો અને વિદ્યાર્થીઓને સાહસિક બનવામાં ઉપયોગી થશે અને ગુજરાત રાજયને પણ ખુબ જ ફાયદો થઈ શકે તેમ છે. અને સરકારનો ધ્યેય વધુમાં વધુ રોજગારી મળે તે સફળ કરવા માટે માધ્યમ બની શકે તેમ છે.

આમ રાજકોટ ચેમ્બરની રજુઆતને સફળતા મળેલ છે અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાં કુલ ૬૦૦ બેઠકો શરૂ કરવામાં આવશે. જે પૈકી રોબોટીકસ એન્ડ ઓટોમેશન માટે રાજકોટ ખાતે ૬૦ બેઠકો ફાળવવામાં આવેલ છે. જે બદલ રાજકોટ ચેમ્બર ગુજરાત સરકારનો આભાર વ્યકત કરે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.